અપીલ અરજી નં.૩૧૭ તા.૨૯–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હરીભાઈ છોટુભાઈ વસાવા

સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હરીભાઈ છોટુભાઈ વસાવાની તા.૨૫–૧૧–૦૯ ની અરજીથી મોજે ગામ (ઉમરા–પનાસ) રે..સ નં.૧૫૯/૨ જેનો ફા.પ્લોટ નં.૧૩૫ તથા ૧૪૨ તથા ઓરીજનલ પ્લોટ ૧૬/૨ સદર મિલ્કતનો ૨૦૦૦ ની સાલથી ડીસ્ટ્રીકટ કોર્ટમાં કેસ ચાલે છે છતાં પણ વિવાદ વાળી મિલ્કત ઉપર બાંધકામ અને પ્લાન મંજુર કરવામાં આવ્યું છે તેનો પ્લાન અને મંજુરી કેવી રીતે આપવામાં આવી તેની માહિતી ૨૦૦૨ થી ૨૦૦૯ સુધી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૯–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૩૧૭/૨૦૦૯–૧૦

શ્રી હરીભાઈ છોટુભાઈ વસાવાની તા.૨૫–૧૧–૦૯ ની અરજીથી મોજે ગામ (ઉમરા–પનાસ) રે..સ નં.૧૫૯/૨ જેનો ફા. પ્લોટ નં.૧૩૫ તથા ૧૪૨ તથા ઓરીજનલ પ્લોટ ૧૬/૨ સદર મિલ્કતનો ૨૦૦૦ ની સાલથી ડીસ્ટ્રીકટ કોર્ટમાં કેસ ચાલે છે છતાં પણ વિવાદ વાળી મિલ્કત ઉપર બાંધકામ અને પ્લાન મંજુર કરવામાં આવ્યું છે તેનો પ્લાન અને મંજુરી કેવી રીતે આપવામાં આવી તેની માહિતી ૨૦૦૨ થી ૨૦૦૯ સુધી આપવા બાબતે આપેલ માહિતી અધુરી આપવામા આવેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૨૩ તા.૭–૧–૧૦ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારને મુળ અરજીની નકલ, ફી ની વિગત તથા જાહેર માહિતી અધિકારી તરફથી નહીં મળેલી વિગતની સ્પષ્ટતા કરવા માટે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે મુળ અરજીની નકલ, ફી ભર્યાની પહોંચની નકલ, દસ્તાવેજ ફી ના રૂા.૩૧૨ ભર્યાની પહોંચની નકલ તા.૩–૧–૧૯૯૭ ની રજાચિઠ્ઠીની નકલ, તા.૨૮–૮–૧૯૯૭ ની રજાચિઠ્ઠીની નકલ રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/ આ.નં. ૭૯૪ તા.૨૧–૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ,અરજદારને માહિતી તથા પ્લાનના ચાર્જ પેટે રૂા.૧૩૫/– ભરપાઈ કરવા અંગેનો પાઠવેલ પત્રની નકલ, મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ ૬૪૨ તા.તા.૩–૧૨–૦૯ થી આંશિક તબદીલ કર્યા અંગેના પત્રની નકલ તથા એકનોલેજમેન્ટની સ્લીપની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૬૬૨ તા.૧૧–૧૨–૦૯ ના પત્રની નકલ, તથા તેના પત્રની એકનોલેજમેન્ટની સ્લીપની નકલ, નોંધ વિભાગ, અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૨૫–૧૧–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય બાબતે માહિતી માંગતી અરજી અઠવાઝોનના જાહેર માહિતી અધિકારીને કરવામાં આવેલ. જે અઠવાઝોન તરફથી આંશિક માહિતી માટે નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/ આ.નં.૬૪૨ તા.૩–૧૨–૦૯ થી શહેર વિકાસ અધિકારી મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ. જયારે આંશિક માહિતી માટે અરજદારને પત્ર નં.સા.વે.ઝોન/આરટીઆઈ/૬૪૨ તા.૩–૧૨–૦૯ થી માહિતી તથા પ્લાન ચાર્જ પેટે રૂા.૧૩૫/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે રસીદ નં.૪૭૪૧૧૯ તા.૮–૧૨–૦૯ ના રોજ નાણા ભરપાઈ કરવામાં આવેલ. તેની રસીદ રજૂ કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારને નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૬૬૨ તા.૧૧–૧૨–૦૯ થી અરજદારને એ/૪ સાઈઝની પાના નંગ–૪ તથા મંજુર પ્લાનની નકલ નંગ–૩ પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે તા.૨૯–૧૨–૦૯ ના રોજ અપીલ અરજી કરી ટીપી નં.૪ ઉમરા સાઉથ ફા. પ્લોટ નં.૧૩૫ ની રજાચિઠ્ઠી ના પ્લાનની નકલ નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી આ માહિતી પૂરી પાડયાનું જણાતું નથી. કે તેના ઈન્કનર માટે કલમ–૮,૯ કે ૧૧ હેઠળનો કોઈ અપવાદ જણાવેલ નથી. જાહેર માહિતી અધિકારી સા.ઝોન ધ્વારા આંશિક માહિતી માટે અરજી શહેર વિકાસ વિભાગને તબદીલ કર્યાનું જણાવેલ છે. પરંતુ કયા મુદ્દા પરત્વે છે તે સ્પષ્ટ કરેલ નથી. પૂરક વિગતોના તબકકે પણ આ બાબત જણાવવામાં આવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ઉપરોકત મુજબની નહીં પૂરી પડાયેલી માહિતી દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા લાગત જાહેર માહિતી અધિકારી ડે.કમિશ્નર (સ્પે.)અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ

(૧) ડે.કમિશ્નર(સ્પે.)અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) ...જાણ તથા અમલ માટે.

(૨) શ્રી હરીભાઈ છોટુભાઈ વસાવા